PAGE No.
DATE

→ વ્યાકરણ :- વચનબદલો અને ઓળખો. [નોટબુક]

* એકવચન :- જ્યારે કોઈ શબ્દ બોલવાથી તે એક જ વ્યક્તિ, વસ્તુ કે પ્રાણી છે. એમ સમજાય ત્યારે તે શબ્દ 'એકવચન' કહેવાય.

* ઉ.દા.
પંખો, કાગળ, કૂતરો

* બહુવચન :- જ્યારે કોઈ શબ્દ બોલવાથી તે એકથી વધારે વ્યક્તિ, વસ્તુ કે પ્રાણી છે. એમ સમજાય ત્યારે તે શબ્દ 'બહુવચન' કહેવાય.

* ઉ.દા.
પંખા/પંખાઓ, કાગળો, કૂતરા/કૂતરાઓ

* વચન બદલો [નોટબુક]

① ગાડીઓ - ગાડી

② કાગડો - કાગડા

③ ટેબલ - ટેબલો

④ બળદ - બળદો

⑤ પુસ્તક - પુસ્તકો

⑥ વૃક્ષ - વૃક્ષો

⑦ ભાઈ - ભાઈઓ

* वचन ओळखो [नोटबुक]

(1) छोकरीओ - बहुवचन

(2) घर - एकवचन

(3) शहेर - एकवचन

(4) उंदरो - बहुवचन

(5) घडियाळ - एकवचन

(6) शिष्य - एकवचन

(7) वांदरा - बहुवचन

## ⇒ પાઠ- ૮ આનંદ જ આનંદ

વિદ્યાર્થીઓને પાઠની સમજૂતી આપી નોટબુકમાં અને પાઠ્યપુસ્તકમાં લખાવવામાં આવશ

### * શબ્દાર્થ [નોટબુક]

- આનંદ - ખુશી
- ગર્જના - ડરાવે તેવો અવાજ
- ખૂંખાર - ભયાનક
- શાંત - ચૂપ
- વ્યસ્ત - કામમાં મશગૂલ
- ભયંકર - ડર પમાડે તેવું
- દૃશ્ય - આંખો સમક્ષ દેખાય તે
- ભયભીત - ડરેલા
- ગલૂડિયું - કૂતરાનું બચ્ચું
- રક્ષક - રક્ષા કરનાર

* શ્રુતલેખન

(૧) ચંદર

(૨) સવાર

(૩) અચાનક

(૪) આનંદ

(૫) ભોજન

(૬) સિંહણ

(૭) ખૂંખાર

(૮) સમાચાર

(૯) ચૂપચાપ

(૧૦) ગર્જના

→ મૌખિક પ્રશ્નોના જવાબ આપો. (બારસ્યું)

(૧) પ્રાણી સંગ્રહાલયમાં કોના ઘરમાં જ કોની નવાઈભરી વાત સાંભળવા મળી ?

જ. પ્રાણી સંગ્રહાલયમાં સિંહના ઘરમાં જ ગલુડિયાની નવાઈભરી વાતો સાંભળવા મળી.

(૨) સિંહણ કોની સાથે રમી રહી ?

જ. સિંહણ ગલુડિયા સાથે રમી રહી હતી.

(૩) ગલુડિયું પિંજરામાં કેવી રીતે ઘૂસી ગયું ?

જ. ગલુડિયું રક્ષકોની નજર ચૂકવીને પિંજરામાં ઘૂસી ગયું.

(૪) બારસ્યું ફરતું - ફરતું ક્યાં ચાલ્યું ગયું ?

જ. બારસ્યું ફરતું - ફરતું પ્રાણી સંગ્રહાલયની બહાર ચાલ્યું ગયું.

(૫) બારસ્યું કઈ વ્યક્તિને મળ્યું ?

જ. બારસ્યું દુકાનદારના દીકરાને મળ્યું.

PAGE No.
DATE

→ લેખિત પ્રશ્નોનાં જવાબ લખો. [નોટબુક]

(૧) સિંહણ લોકો પર શા માટે ગુસ્સે થઈ હતી?

જ. સિંહણ નારાજ હતી કારણ કે ગલૂડિયું ક્યાંક ખોવાઈ ગયું હતું. તેથી તે લોકો પર ગુસ્સે થઈ હતી.

(૨) દાદાજીએ બાળકોને સમાચારપત્રમાં શું બતાવ્યું?

જ. દાદાજીએ બાળકોને સમાચારપત્રમાં એક ચિત્ર દેખાડ્યું. જેમાં સિંહણ કૂતરાના બચ્ચાં સાથે રમી રહી હતી.

(૩) સિંહણની ઊંઘ કઈ રીતે ઊડી ગઈ?

જ. ગલૂડિયું સિંહણ પર ચડી ગયું અને સિંહણના વાળ સાથે રમવા લાગ્યું. જેનાથી તેની ઊંઘ ઊડી ગઈ.

(૪) સિંહણે ખાવા-પીવાનું બંધ શા માટે કરી દીધું હતું?

જ. ગલૂડિયું ક્યાંય દેખાતું ન હોવાથી તેણે ખાવાપીવાનું બંધ કરી દીધું.

(૫) સિંહણનો ગુસ્સો શાંત કેવી રીતે થયો?

જ. ગલૂડિયાને પોતાના પિંજરામાં જોઈને સિંહણનો ગુસ્સો શાંત થયો.

WEEK 2 [07-09-2026 to 12-09-2026]

→ સંખ્યા- ૩૧ થી ૫૦ અંક અને શબ્દમાં [નોટબુક]

| | |
|---|---|
| ૩૧ - એકત્રીસ | ૪૧- એકતાળીસ |
| ૩૨ - બત્રીસ | ૪૨ - બેતાળીસ |
| ૩૩ - તેંત્રીસ | ૪૩ - તેતાળીસ |
| ૩૪ - ચોત્રીસ | ૪૪- ચુંમાળીસ |
| ૩૫ - પાંત્રીસ | ૪૫- પિસ્તાળીસ |
| ૩૬ - છત્રીસ | ૪૬ - છેંતાળીસ |
| ૩૭ - સાડત્રીસ | ૪૭ - સુડતાળીસ |
| ૩૮ - આડત્રીસ | ૪૮ - અડતાળીસ |
| ૩૯ - ઓગણચાળીસ | ૪૯ - ઓગણપચાસ |
| ૪૦ - ચાળીસ | ૫૦ - પચાસ |

→ **નિબંધ :- ઘોડો** [નોટબુક]

ઘોડો પાલતું પ્રાણી છે. ઘોડો સુંદર અને તાકાતવાળું પ્રાણી છે. ઘોડો સફેદ, કાળો કે કથ્થઈ રંગનો હોય છે. ઘોડાને ચારપગ, બે કાન, બે આંખ અને એક લાંબી પૂંછડી હોય છે. ઘોડો ચને ઘણા ખાય છે. ઘોડો ઝડપથી દોડી શકે છે. ઘોડો ગાડીએ કે બગીએ જોડાય છે. ઘોડા પર અને ઘોડાગાડીમાં બેસવાની બહુ મજા આવે છે. ઘોડો વફાદાર પ્રાણી છે.

PAGE No.
DATE

# નિબંધ :- કૂતરો [નોટબુક]

કૂતરો પાલતુ પ્રાણી છે. કૂતરાનો રંગ સફેદ, કાળો, રાતો કે કાબરચીતરો હોય છે. કૂતરાને ચાર પગ, બે કાન, બે આંખ અને એક વાંકી પૂંછડી હોય છે. કૂતરો દૂધ અને રોટલી ખાય છે. કૂતરો ઘરની ચોકી કરે છે. કૂતરો વફાદાર પ્રાણી છે. કોઈ અજાણી વ્યક્તિ આવે તો તે ભસે છે. કૂતરો પ્રેમાળ અને વફાદાર પ્રાણી છે.